અપીલ અરજી નં. ૬૨૨ તા.૧૦–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથાવર
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથાવરની તા. ૦૯–૧૨–૧૧ની અરજીથી અમો અરજદારની તા. ૨–૯–૧૧ની આરટીઆઈ એકટ–૨૦૦૫ની અરજી આઈડી નં.૭૬૧ અને તા ૧૯–૧૦–૧૧ની પ્રથમ અપીલ નં.૩૪૧ના હુકમ નિકાલમાં આપશ્રી એસ.એન.મહેતા ડે. કમિ.(ફા) અને એપેલેટ અપીલ ઓથોરીટી ઓફિસરશ્રીએ તા. ૦૧–૧૨–૧૧ના પત્ર નં. આરટીઆઈ સેલ ૧૧૮૫માં મધ્યસ્થ મહેકમ વિભાગનાં તા. ૦૩–૧૦–૧૧ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૮૧ની માહિતીની નકલમાં મધ્યસ્થ મહકેમ વિભાગના પત્ર નં. જીએડી/ઈએસટી/૬૧૭ તા. ૫–૬–૧૦ની માહિતીમાં જણાવેલ છે તે અમો અરજદાર પાસે મોજુદ છે પરંતુ અન્ય માહિતી આપશ્રી ડે.કમિ.(સ્પે) અને એપેલેટ ઓફિસરશ્રીએ જણાવેલ છે જે નીચે મુજબ છે જેની નકલ માહિતીની નકલ ન હોવાથી મુદ્દા નં. (૧) જીએડી/ઈએસટી/૧૬૪૬ તા. ૩૧–૮–૦૯ની માહિતીની નકલ આપવા વિનંતી મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૨/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથાવરની તા. ૦૯–૧૨–૧૧ની અરજીથી અમો અરજદારની તા. ૨–૯–૧૧ની આરટીઆઈ એકટ–૨૦૦૫ની અરજી આઈડી નં.૭૬૧અને તા. ૧૯–૧૦–૧૧ની પ્રથમ અપીલ નં.૩૪૧ના હુકમ નિકાલમાં આપશ્રી એસ.એન.મહેતા ડે. કમિ.(ફા) અને એપેલેટ અપીલ ઓથોરીટી ઓફિસરશ્રીએ તા. ૦૧–૧૨–૧૧ના પત્ર નં. આરટીઆઈ સેલ ૧૧૮૫માં મધ્યસ્થ મહેકમ વિભાગનાં તા. ૦૩–૧૦–૧૧ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૮૧ની માહિતીની નકલમાં મધ્યસ્થ મહકેમ વિભાગના પત્ર નં. જીએડી/ઈએસટી/૬૧૭ તા. ૫–૬–૧૦ની માહિતી માં જણાવેલ છે તે અમો અરજદાર પાસે મોજુદ છે પરંતુ અન્ય માહિતી આપશ્રી ડે.કમિ.(સ્પે) અને એપેલેટ ઓફિસરશ્રીએ જણાવેલ છે જે નીચે મુજબ છે જેની નકલ માહિતીની નકલ ન હોવાથી મુદ્દા નં. (૧) જીએડી/ઈએસટી/૧૬૪૬ તા. ૩૧–૮–૦૯ની માહિતીની નકલ આપવા વિનંતી મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં. જીએડી/ ઈએસટી/ ૩૨૮૦ તા. ૬–૧–૧૨ થી મળેલ માહિતીથી ફી ભરેલ હોવા છતાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે** ફી ભર્યા બાદ અરજદારે માહિતી મેળવ્યા નહીં મેળવ્યા કે મોકલ્યાની વિગત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૧૮૩૪ તા.૨૪–૨–૧૨ થી પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને ફી ભર્યાની વિગત લાગત જાહેર માહિતી અધિકારીને સૂચિત કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા નારાજગીની વિગત જાહેર માહિતી અધિકારીદીઠ, મુદ્દાદીઠ સ્પષ્ટ કરવા તથા અપીલ જોતાં પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મહેકમ)ના પત્ર અન્વયે ' ફી' ભરવા છતાં માહિતી નહીં મળ્યાનુ જણાવેલ છે તે સિવાય કોઈ નારાજગી હોય તો મુદ્દા જાહેર માહિતી અધિકારી સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૪૨૪૭ તા.૧૬–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, પત્ર નં.જીએડી/ઈએસ ટી/આ.નં.૩૨૮૦ તા.૬–૧–૧૨ થી નાણા ભરવા અરજદારને પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસ ટી/આ.નં.૧૬૪૬ તા.૩૧–૮–૦૯ ના હુકમની નકલ,

પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૪૧૪૩ તા.૨૩–૩–૧૦ ના હુકમની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૧૭ તા.૧૪–૭–૧૦ ના હુકમની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૯૮ તા.૧૨–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તથા આરટીઆઈ સેલને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨–૩–૧૨ થી અરજદારે પૂરક વિગતના પત્રમાં વિગત જણાવતો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૯–૧૨–૧૧ ની અરજીથી તા. ૨–૯–૧૧ની આરટીઆઈ એકટ–૨૦૦૫ની અરજી આઈડી નં.૭૬૧અને તા. ૧૯–૧૦–૧૧ની પ્રથમ અપીલ નં.૩૪૧ના હુકમના નિકાલ અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૯૮ તા.૧૨–૧૨–૧૧ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તથા આરટીઆઈ સેલને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં. જીએડી/ઈએસટી/૩૨૮૦ તા. ૬–૧–૧૨ થી મળેલ માહિતીથી ફી ભરેલ હોવા છતાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી તા.૧૦–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) જીએડી/ઈએસટી/૧૬૪૬ તા. ૩૧–૮–૦૯ની માહિતીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૨) જીએડી/ઈએસટી/૪૧૪૩તા. ૨૩–૩–૧૦ની માહિતીની નકલ આપવા વિનંતી (૩) જીએડી/ઈએસટી/૧૨૧૭ તા. ૨૪–૭–૧૦ની માહિતીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૪) અમો અરજદારની તા.૨–૮–૧૧ ની પ્રથમ અપીલ અરજી જે ગુમ થયેલ છે આપશ્રીની કચેરી ધ્વારા જે બીજી નકલો અમો અરજદારે આપશ્રીને તા.૨૫–૧૧–૧૧ ના રોજ આપેલ છે જેનો પણ સુનાવણી બાદ હુકમ નિકાલ કરવા અંગેની માહિતીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૫) અમો અરજદારની તા.૨૭–૬–૧૧ ની પ્રથમ અપીલ અરજી ૩૪૫ ગુમ જણાવી અમો અરજદારની નકલો મેળવી ૬ માસ અને ૬ દિવસ બાદ આપશ્રી તા.૧–૧૨–૧૧ ના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૫ માં તા.૨૫–૪–૧૧ ની આરટીઆઈ એકટ આઈ ડી નં.૯૫ થી માંગેલ માહિતી આપશ્રીની કચેરીના જાહેર માહિતી અધિકારી તરફથી અમો અરજદારને પૂરી પડાયેલ જણાવો છો અને એક બાજુ અમો અરજદારે માંગેલ માહિતીના મુદ્દા નં.૨ થી ૪ અંગેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પ્રસ્તાવ અનુસાર અરજદાર મદ્દા નં..૨ થી ૪ અંગેની માહિતી મેળવવા સ્વતંત્ર છીએ. અને બીજી બાજુ અમો અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનું જણાવો છો. સદર મુદ્દા નં.૫ ની અસ્પષ્ટ માહિતી/સ્પષ્ટ પારદર્શી નકલ આપવી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૨૮૦ તા.૬–૧–૧૨ થી નિયત સમય અવધિમાં પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૨/– જમા કરાવવા જણાવવામાં આવેલ. જે રસીદ નં.૧૧૭૭૭૯ થી તા.૭–૧–૧૨ ના રોજ રૂા.૧૨/– સેન્ટ્રલઝોનમાં ભરપાઈ કરેલ છે. જે અંગે અરજદારે અપીલમાં આજ રોજ સુધી અમો અરજદારે ફી ભરવા છતાં પણ માંગેલ માહિતીની નકલો તેમના તરફથી કે કચેરીના પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ ન હોવાથી આરટીઆઈ એકટની કલમ–૨૦૦૫ કલમ–૧૯(૧ ) હેઠળ નમુના –જ ના નિયમ–૫(૧) મુજબ ડે.કમિ.(ફા.) અને અપીલ અધિકારી પાસે અમો અરજદારે માંગેલ માહિતીની નકલો અંગે દાદ માંગીએ છીએ જે અમો અરજદારની પ્રથમ અપીલ અરજીની સુનાવણી અંગેની આગોતરી તારીખ અંગેનો પત્ર પાઠવવા અંગેની રજૂઆત કરેલ છે. અરજદારના મુદ્દા નં.૪ અંગે તેઓની તા.૧૭–૬–૧૧ ની તા.૨–૮–૧૧ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી બાબતે કચેરીએથી તા.૧૯–૧૧–૧૧ ના રોજ ફોરવડીંગ કાગળમાં પોતાની અરજી બાબતે રજૂઆત કરેલ. જે અંગે અરજદારને આરટીઆઈ સેલ /૧૧૨૮ તા.૨૨–૧૧–૧૧ થી તેમની તા.૨–૮–૧૧ ની અપીલ અત્રે નોંધાયેલ નથી તેવો પ્રત્યુત્તર રજૂ કરેલ. અને અપીલ બાબતે આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ. જેના સંદર્ભે તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ સંદર્ભેના પેપર રજૂ કરેલ. જે અંગે કાર્યવાહી કરી અરજદારને આરટીઆઈ સેલ/૧૫૫૬ તા.૨૦–૧–૧૨ થી હુકમ કરી પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવેલ છે તેમજ અત્રેથી આરટીઆઈ સેલ/૨૮૮ તા.૧૦–૫–૧૨ થી સદર હુકમની પુનઃ નકલ પણ મોકલાવમાં આવેલ છે. તેથી તે અગે તકરારને કોઈ સ્થાન નથી. અરજદારે અરજીના મુદ્દા નં.૫ માં તેમને અપીલ નં. ૩૪૫/૧૧–૧૨ તા.૨૭–૬–૧૧ બાબતે હુકમ નં.૧૧૮૫ તા.૧–૧૨–૧૧ સંદર્ભે રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે એક બાજુ અરજી દફતરે કરવાનું અને બીજી બાજુ માહિતી મેળવવા બાબતે સ્વતંત્ર હોવાની સ્પષ્ટતા માંગેલ છે જેના સંદર્ભે જણાવવાનું કે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અને ૪ બાબતે માહિતી મેળવવા પ્રસ્તાવ કરેલ હોય માહિતી પૂરી પાડેલ ગણાય. પરંતુ અરજદારે માહિતી સંદર્ભે તેમનો પક્ષ તરફે તેમને માહિતી મેળવવા અથવા નહીં મેળવવાના વિકલ્પરૂપે પ્રસ્તાવ અનુસાર તપાસણી કરી માહિતી મેળવવા સ્વતંત્ર હોવાનું જણાવેલ છે. માહિતી મેળવવી અથવા નહીં મેળવવી તે અરજદારના નિર્ણયને આધીન છે. આથી સદર હુકમ યોગ્ય કરવામાં આવેલ છે તેમ છતાં આરટીઆઈની જોગવાઈઓ મુજબ હુકમ સંદર્ભે કોઈ પણ નારાજગી હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) મુજબ બીજી અપીલ માહિતી આયોગ, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતે કરવાની જોગવાઈઓ છે.

જાહેર માહિતી અધિકારના પૂરક વિગતોના પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૨૮૦ તા.૬–૧–૧૨ થી જણાવેલ વિગતે અરજદારે ફી ભર્યાની વિગતની જાણ તેમને થયેલ ન હોઈ તો અપીલ તબકકે તા.૧૩–૩–૧૨ ના રોજ અરજદારને નકલો આપ્યાનું જણાવી તે સબબની અરજદારની હસ્તાક્ષર વાળી નકલ પણ રજૂ કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૨–૧૨ ધ્યાને લેતાં ૧૦–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૯–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.૩૨૮૦ તા.૬–૧–૧૨ થી નાણા ભરી માહિતી મેળવવા પ્રસ્તાવ કરેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોનમાં રસીદ ન.૧૧૭૭૭૯ તા.૭–૧–૧૨ ના રોજ નાણા ભરપાઈ કરેલ હોય તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૩–૩–૧૨ ના રોજ માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ,